અપીલ અરજી નં.૧ તા.૪–૪–૦૯/૧૦

અરજદારઃ– શ્રી અજય રામદાસ જાધવ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન

## *ફરીયાદની હકીકતઃ–*

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અજય રામદાસ જાધવ તા.૧૭–૨–૦૯ ની અરજીથી કપોદ્રા રે.સ.નં.૨૭,૨૮ તથા ટીપી સ્કીમ નં.૧૬ફા.પ્લોટ નં.૨૮ના બાંધકામ બાબતની તમામ માહિતી, પુરાવા દસ્તવેજ અંગે મુદ્દા નં.૧ થી ૧૬ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૪–'૦૯ ની અપીલ અરજી નં.૧/૨૦૦૯–૧૦

શ્રી અજય રામદાસ જાધવ તા.૧૭–૨–૦૯ ની અરજીથી કપોદ્રા રે.સ.નં.૨૭,૨૮ તથા ટીપી સ્કીમ નં.૧૬ફા.પ્લોટ નં.૨૮ના બાંધકામ બાબતની તમામ માહિતી, પુરાવા દસ્તવેજ અંગે મુદ્દા નં.૧ થી ૧૬ ની માહિતી આપવા બાબતે નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૦૭૯ તા.૬–૩–૦૯ થી આપેલ જવાબ ના મુદ્દા નં.૩,૪,૧૦,૧૨,૧૩,૧૫,૧૬ થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૪–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. તથા તા.૧૩–૪–૦૯ ના રોજ મુદ્દા નં.૧૪,૧૫ અને ૧૬ અંગે અપીલ તબકકે પુનઃ રજૂઆત કરેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/પર તા.૧૭–૪–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. તથા અરજદારને યોગ્ય જવાબ નહીં હોવા અંગે કરેલ દાવાના સમર્થનમાં આધાર અને વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૦૭૯ તા.૨૪–૪–૦૯ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે. જયારે અરજદાર તરફથી અપીલ પશ્ચાત તા.૧૭–૪–૦૯ પત્રના અનુસંધાને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૦૩ તા.૨૭–૪–૦૯ ના રોજ અરજદાર તરફથી વિગતો મળેલ છે.

અરજદારની તા.૧૭–૨–૦૯ ની આઈ ડી. નં.૧૦૭૯ થી મોજે કપોદ્રા રે.સ. નં.૨૭ તથા ૨૮, ટીપી સ્કીમ નં.૧૬ ફા. પ્લોટ નં.૨૮ કોર્પોરેશનમાં કોના નામ પર નોંધાયેલ છે તેનું નામ અને સરનામું, પ્લોટનું કેટલું ચો.મી. બાંધકામ છે, બાંધકામ કેટલા વર્ષ જુનું છે, કાયદેસર છે કે અનઅધિકૃત ? બાંધકામની પરમીશન /રજાચિઠ્ઠી કે પ્લાન રજૂ કરવામાં આવેલ છે. કે કેમ? તેની નકલ, મ્યુ. વેરામાં દાખલ કરવામાં આવેલ છે કોના નામ પર તેની માહિતી , મ્યુ. વેરો કેટલા વર્ષથી વસુલ કરવામાં આવે છે તમામના નામ ,મ્યુ. વેરામાં નામ દાખલ કરવા કયા દસ્તાવેજો આપવામાં આવ્યા હતાં તેની નકલ, બાંધકામ પરવાનગી વગર હોય તો તોડવા કોઈ નોટીસ આપવામાં આવેલ છે કે કેમ?, બાંધકામ અનઅધિકૃત હોય તો દુર કરવા કોઈ પગલા લીધા છે કેમ?, બાંધકામ દુર કરવા ગાંધીનગરથી કોઈ પત્ર આવેલ છે કે કેમ? તેની નકલ ગેરકાયદેસર બાંધકામ હોય તો ઝોન અધિકારીની જવાબદારી કે કેમ? અગાઉ કોઈ અધિકારી સામે પગલા લીધા હતાં કે કેમ?, અનઅધિકૃત દુર કરવા કેટલો સમય લાગશે, અનઅધિકૃત હોય તો રેગ્યુલાઈઝ કરવા કોઈ કાર્યવાહી થઈ છે કે કેમ?, અનઅધિકૃત હોય તો વેરામાં નામ દાખલ કરનાર અધિકારીની જવાબદારી ખરી કે કેમ?, અનઅધિકૃત બાંધકામ હોય તો દુર ન કરવા પાછળ કોણ જવાબદાર અધિકારી છે તે જણાવવા વિગેરેની માંગણી કરવામાં આવેલ છે. જે અંગે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન કક્ષાએથી નં.ઈ..ઝેડ/આરટીઆઈ/૧૦૭૯ તા.૬–૩–૦૯ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજદારે મુદ્દા નં.૩,૪,૧૦ અને ૧૨ થી ૧૬ યોગ્ય જવાબ ન હોય તેવી રજૂઆત કરેલ છે. જેમાં અરજદારે નોટીસમાં નિયમ વિરુધ્ધ માપો અને અનઅધિકૃત બાંધકામ અંગે ઝોનલ અધિકારીનો સમયગાળો તથા બજાવેલ નોટીસ અને મનાઈ હુકમ સહી કરનાર અધિકારીની જવાબદારી કેમ નહીં તેવા પૂરક પ્રશ્નો અપીલ તબકકે રજૂ કરેલ છે. તથા અનઅધિકૃત હોય તો વેરામાં નામ દાખલ કરવા અધિકારીની જવાબદારી ખરી કે કેમ? તેવી માહિતી માંગેલ છે. અરજદારને મુદ્દા નં.૯ માં જણાવ્યા મુજબ કારણદર્શક નોટીસ નં.૧૮૧૭ તા.૨૯–૧૨–૯૩ , ૭૯૩ તા.૩–૭–૯૫, ૩૨૮ તા.૨–૬–૯૯, ૭૯૦ તા.૩–૭–૯૫ તથા મનાઈ હુકમ ૮૮૧૬,તા.૨૯–૧૨–૯૩ , ૭૯૨ , ૭૯૧ તા.૩–૭–૯૫, ૩૨૭ તા.૨–૬–૯૯ ની નકલો અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે આઈ ડી. નં.૧૦૭૯ તા.૧૭–૨–૦૯ ની અરજી બાબતે આકારણી વિભાગમાંથી રસીદ નં.૧૩૦૩૫૪૫ તા.૧૩–૩–૦૯, રસીદ નં.૧૯૧૩૬૯૯ તા.૧૯–૩–૦૯ , રસીદ નં.૧૫૨૯૬૩૧ તા.૧૬–૪–૦૯ થી વરાછાઝોન ખાતેથી દસ્તાવેજ ફી ભરી માહિતી મેળવેલ છે. પરંતુ અરજદારે કઈ માહિતી મેળવેલ છે અને કઈ માહિતી મળી નથી તે અરજદારને પત્ર લખી તક આપવા છતાં રજૂ કરેલ નથી. આરટીઆઈ એકટની કલમ ૨(એફ) અને ૨ (જે) હેઠળ અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

પાછળ

અરજદારે મુદ્દા નં.૩ પ્લોટ નં.૨૮ ઉપર કેટલા ચો.મી. બાંધકામ કરેલ છે તે બાબતે જાહેર માહિતી અધિકારીએ રેકર્ડ ચકાસતાં માહિતી ઉપલબ્ધ નહીં હોવાનું જણાવેલ છે. તે અંગે તથા મુદ્દા નં.૪ બાંધકામ કેટલું જુનું છે અને કાયદેસર છે કે અનઅધિકૃત તે બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૨૯–૧૧–૯૭ થી બાંધકામ કરવા વિકાસ પરવાનગી આપવામાં આવેલ હોવાનું જણાવેલ. તે બાબતે તથા મુદ્દા નં.૧૦ બાંધકામ અનઅધિકૃત હોય તો દુર કરવા પગલા લીધા કે કેમ? તે બાબતે જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૯ થી પરવાનગી વગર હોય તો તોડવા નોટીસ વિ. આપ્યાની વિગતો અરજદારને રજૂ કરેલ છે. તે સામે નારાજગી વ્યકત કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૯ બાબતે નોટીસોની નકલો પણ અરજદારને આપેલ છે. અને તે ધ્યાનમાં લેવામાં આવે તો ઉપલબ્ધ દફતર પરથી મુદ્દા નં.૩,૪ અને ૧૦ ની માહિતી આપ્યાનું ફલિત થાય. મુદ્દા નં.૧૨ થી ૧૬ બાબતે પણ અરજદારે વ્યકત કરેલ નારાજગી અંગે જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી ધ્યાને લેતાં ગેરકાયદેસર બાંધકામ હોય તો ઝોન અધિકારીની જવાબદારી ખરી કે કેમ? તથા દુર ન કરવા કોણ જવાબદાર છે તે અંગે યોગ્ય ચકાસણી બાદ જવાબદારી નકકી થઈ શકે તેવી માહિતી આપેલ જે તર્કસંગત છે. જયારે અગાઉ કોઈ અધિકારી સામે પગલા લીધા બાબતે દફતરે માહિતી ઉપલબ્ધ નહીં હોવાનું જણાવેલ. જે કલમ–૨ (એફ) અને ૨ (જે) ની જોગવાઈ સાથે સુસંગત છે. મુદ્દા નં.૧૩ અંગે પણ અનઅધિકૃત હોય તો સ્થળ સ્થિતિ અને સંજોગો ને આધિન ડીમોલીશન કરવામાં આવે છે. તેવી માહિતી પ્રથમદર્શી રીતે અયોગ્ય ગણી શકાય નહીં મુદ્દા નં.૧૪ અંગે અનઅધિકૃત હોય તો રેગ્યુલાઈઝ કરવા બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા ઈમ્પેકટ ફી અંગેની માહિતી આપવામાં આવેલ છે. તથા મુદ્દા નં.૧૫ નો જવાબ પણ મિલ્કતની આકારણીને સબંધ છે ત્યાં સુધી સુસંગત માહિતી છે. પરંતુ મુદ્દા નં.૧૬ અંગે વિવાદ હેઠળની બાબત ઝોનના જે અધિકારી/કર્મચારીઓના કાર્યક્ષેત્ર હેઠળ માંગેલ સમયગાળા દરમ્યાન રહેલ તેમની વિગતો દફતરે ઉપલબ્ધ હોય જ અને તે આપી શકાય હોત તે આપવામાં આવેલ જણાતી નથી. આમ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને મુદ્દા નં.૧૬ સિવાય ઉપલબ્ધ દફતરી માહિતી આપેલ હોવાનું જણાય છે.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને મુદ્દા નં.૧૬ સિવાયની ઉપલબ્ધ દફતરી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેથી મુદ્દા નં.૧૬ ની ઉપર નિર્દિષ્ટ માહિતી આરટીઆઈની કલમ–૭(૬) હેઠળ દિન–૭ માં વિના મૂલ્યે અરજદારને પૂરી પાડવા તથા બાકીના મુદ્દા અંગે જો અરજદાર ઈચ્છુક હોય તો દિન–૭ માં જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી સબંધિત ફાઈલની દફતરી તપાસણી કરી શકે છે. આવી માંગણી થયે હુકમની અમલવારી કરવા અને તેની જાણ અત્રે કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે. આ પ્રકારની તપાસણી માટે લાગુ કિસ્સામાં અરજદારે આરટીઆઈ નિયમ–૫ હેઠળની ફી ભરપાઈ કરવાની રહેશે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ –૦૯

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી, વરાછાઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી અજય રામદાસ જાધવ, ૧૨ પશુપતિનાથ સોસા., નાના વરાછા, સુરત ....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.